
# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આયોજિત રાષ્ટ્રીય વેબિનારને દેશ - વિદેશના હજારો લોકોએ માણ્યો




ગાંધીનગર, તા. ૧૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તારીખ ૧૧ મે, ૨૦૨૦ના રોજ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારને દેશ - વિદેશના હજારો લોકોએ માણ્યો હતો.


પરિવાર અને સામાજિક સ્વાસ્થ્ય: સમસ્યા અને સમાધાન× વિષય પર પદ્મશ્રી પુરસ્કૃત ગુજરાતના પ્રસિદ્ધ લેખક અને પત્રકાર દેવેન્દ્ર પટેલ તથા લોકપ્રિય લેખિકા કાજલ ઓઝા વૈદ્યએ મનનીય વક્તવ્ય આપ્યું હતું.

અનેક હૃદયસ્પર્શી સત્ય ઘટનાઓ અને ઉદાહરણો આપીને તેમણે વેબિનારને જીવંત અને રસપ્રદ બનાવી દીધો હતો.

આ રાષ્ટ્રીય વેબિનારનું 'ચિલ્ડ્રન્સ' યુનિવર્સિટી ગાંધીનગર ની વેબસાઈટ અને ફેસબુક પરથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેને દેશ - વિદેશના લગભગ ૧૫ હજાર લોકોએ માણ્યો હતો અને પોતાના પ્રતિભાવ આપ્યા હતા.

વેબિનારમાં ગુજરાતના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ સચિવ આઈએએસ અંજુ શર્માએ પણ વર્તમાન પરિસ્થિતિમાં સામાજિક જવાબદારીઓનું વહન કરવું તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યો, ધ્યેય અને દ્રષ્ટિ વિશે માહિતી આપી હતી, જેને લોકોએ ઉમળકાભેર માણી હતી.

# બાપુ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી માં 'પાઇથન જેંગો ફ્રેમવર્ક' વિષય પર વેબીનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧૨

બાપુ ગુજરાત નોલેજ વિલેજ ની સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી માં લોકડાઉન ના સમય માં વિદ્યાર્થઓને ટેકનોલોજી નુ સતત જ્ઞાન મળી રહે તે હેતુ થી "પાઈથન જેંગો ફ્રેમવર્ક" વિષય પર વેબીનાર કોલેજ ના આઈ.ટી. અને કોમ્પુટર ડિપાર્ટ્મેંટ દ્વારા યોજવામા આવ્યો હતો.

આ વેબિનાર મા મુખ્ય વક્તા તરીકે પ્રેક્સવેર ટેકનોલોજી, અમદાવાદ ના અલ્પેશ કાબા ઉપસ્થિત રહી વિદ્યાર્થઓને પોતાની આગવી સરળ શૈલીમા વેબ એપ્લિકેશન કેમ બનાવવી અને વેબ એપ્લિકેશન બનાવવાની સરળ પધ્ધતિ સ્ટેપ બાય સ્ટેપ પ્રશ્નોતરીના માધ્યમથી સાહજિકતા થી શિખડાવી હતી.

ગુગલ મિટ દ્વારા યોજાયેલા આ વેબિનારમાં ૧૫૦ જેટલા સ્ટુડ્ન્ટ પાર્ટિસિપન્ટ કોલેજ માથી, ૯૫ જેટલા પાર્ટિસિપન્ટ અન્ય કોલેજીસ ના અને ૩૫ જેટલા પાર્ટિસિપન્ટ ભારતની વિવિધ સંસ્થાઓ માથી જોડાયા હતા.

ઈ-લર્નિગના માધ્યમથી કોલેજના વિદ્યાર્થઓના જ્ઞાનમા વધારો કરવા બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુ તથા સમગ્ર સ્ટાફે આઈ.ટી. અને કોમ્પુટર ડિપાર્ટ્મેંટના સમગ્ર સ્ટાફેને અભિનંદન પાઠવ્યા હતા.

# જન્મદિને વધામણી



પી એચ ગોહિલ
એડવોકેટ, એક્ઝી. કમિટી મેમ્બર, શિવરંજની સંસ્થા



અખિલેશ તિવારી
મો. ૯૯૨૫૯ ૧૦૨૪૮



અલય હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬



નિશાબેન રાજેશભાઈ ચૌહાણ
મો. ૯૯૦૯૨ ૯૪૬૪૬



પ્રાર્થી
કમલેશભાઈ પ્રજાપતિ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦



ડો. કવિન ભટ્ટ
હોમીયોપથી, રેડક્રોસ ગાંધીગનર



સુખડીયા જિમિત
કોશિકભાઈ
મો. ૮૩૪૭૫ ૯૯૦૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# અખબાર ભવનમાં શાયોના એન્ટરપ્રાઈઝ દ્વારા સેનેટાઈઝ ટનલ અર્પણ કરાઈ







ગાંધીનગર, તા. ૧૨

હાલમાં દેશભરમાં કોરોના ની મહામારી એ સમગ્ર વિશ્વમાં કહેર મચાવી રહ્યો છે. જેથી સમગ્ર જનતા ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ઠેર ઠેર જગ્યાએથી લોકો પોતાના ધંધા રોજગાર છોડી વતન પરત જઈ રહ્યા છે. ત્યારે સરકાર તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા સેવાકીય પ્રવુતીઓ કરવામાં આવે છે. ત્યારે દેશની ચોથી જાગીરી ગણાતા મીડિયા કર્મીઓ પણ તન તોડ મહેનત કરી સચોટ અને સાચા સમાચાર સમાજ સુધી પહોંચાડી જીવના જોખમે કોરોના સામે લડત લડી મોતની પણ પરવા કર્યા વગર ખડેપગે દેશની સેવામાં મહત્વ નો ભાગ ભજવી રહ્યા છે.

ત્યારે અમુક સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહેલી સેવાકીય પ્રવુતીઓ ને મીડિયા ધ્વારા ખુબ મોટી નામના પણ મળેલ છે. પરંતુ મીડિયા દ્વારા કોરોના વોરીયર્સ તરીકે કરવામાં આવી રહેલી કામગીરી ને ઘણી સંસ્થાઓ કાંઇ મહત્વ આપવામાં આવતું નથી. મોટા ભાગે પત્રકાર નો ઉપયોગ મોટી નામના મેળવવા જ કરવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓને જ્યારે પ્રેસ નોટ આપવાની હોય છે ત્યારે પત્રકારોના નંબર મળી જતા હોય છે. ત્યારે આવા કપરા સમયમાં એટલે કે લોકડાઉનમાં પત્રકાર મિત્રોના પરીવારનું ગુજરાન કેવુ ચાલે છે તે કોઈ સંસ્થા દ્વારા પુછવામાં આવતું નથી? એક કડવી હકીકત પણ સત્ય નજર અંદાજ કરી શકાય નહીં. જેથી તમામ બાબતો ને ધ્યાનમાં લઈ શાયોના એન્ટરપ્રાઇઝ કંપની ના માલિક એવા સુરેન્દ્રસિંહ વાઘેલા અને રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર ના તન્મય પટેલ અને રાહુલ સુખડીયા ધ્વારા આજ રોજ સવારે અખબાર ભવન સેક્ટર ૧૧ ગાંધીનગર ખાતે નિઃશુલ્ક સેનેટાઈઝર ટનલ સમર્પિત કરી માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

તથા સાથે સાથે રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર ધ્વારા કેટલાક મિડિયા કર્મીઓને સ્વાદિષ્ટ ભોજન પણ આવા કપરા સમયમાં માનવતા દાખવી પીરસવામાં આવી રહ્યું છે. અખબાર ભવન ખાતે સેનેટાઈઝર ટનલ મુક્યા બાદ સમગ્ર પત્રકાર મિત્રો તથા મિડિયા કર્મીઓ ભાઈઓ એ શાયોના એન્ટરપ્રાઈઝ કંપની અને રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર નો હૃદય પુર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઇન્ટરનેટનો કઇ રીતે સલામત ઉપયોગ કરાય તે અંગે વેબીનાર

ગાંધીનગર, તા. ૧૨

૧૧ મે ટેક્નોલૉજી દિવસ તરીકે ઉજવાયછે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી અને નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા ટેક્નોલૉજી દિવસની ઉજવણી અંતર્ગત

"હાઉ ટુ સ્ટે સેફ ઓનલાઇન" વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૩૦૦ કરતાં વધુ રસધરવતા લોકોએ ભાગ લીધો હતો. જેમાં છેલ્લા ૧૦ વરસથી સાયબર સિક્યુરિટી એક્સપર્ટ તરીકે કામ કરી રહ્યા છે એવા ફાલ્ગુન રાઠોડ એ સાઈબર ક્રાઈમ કઈ રીતે થાય છે તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

દુનિયામાં ખૂબજ મોટા પ્રમાણમાં લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.આજકાલ તમામ વ્યવહરો, બીજનેશ ઈન્ટરનેટના માધ્યમથી થતાં હોય છે. ત્યારે જો આપણે તકેદારી ન રાખીએ તો ક્યારેક આપણી સાથે છેતરપીંડી થઈ શકે છે. મોટાભાગે બેંકિંગ ફ્રોડ,બોગસ ટ્રાવેલિંગ એજન્સીઓ, પાસવર્ડ હેકિંગ,લોન સ્કેમ, લોટરી સ્કેમ, ઈન્સ્યુરન્સ, ડોનેશન લેવા બાબતે, ઓન લાઇન બીજનેશ વગરેમાં કેવા ફ્રોડ થતાં હોય છે,અને તેનાથી બચવા કઈ કાળજી રાખવી જોઈએ તે વિષે ઊંડાણ પૂર્વક માહિતી આપવામાં આવી.

વેબસેમિનારમાં ૧૦૦ લોકો જોડાઈ શકતા હોય છે. પરંતુ ૩૦૦ કરતાં વધુ લોકો એ રજીસ્ટ્રેશન કરાવ્યુ હોવાથી તમામ લોકો લાભ લઈ શકે તે સારું જાણીતી આઈ.ટી.કંપની ઓલ ઈવેન્ટ્સ ડોટ ઈન ના કો ફાઉન્ડર રુચિત પટેલ અને નિસર્ગની ટિમના એંજિનિયર મીત પટેલ,શિવાંગ પટેલ અને હાર્દિક મકવાણાએ ટેકનિકલ કામગીરી કરી યુટ્યુબ પર લાઈવ પ્રસારણ કરીને રજીસ્ટર થયેલ તમામ લોકોને કાર્યક્રમ સાથે જોડ્યા હતા. નિસર્ગ સાયન્સ સેંટર ના ડાયરેક્ટર ડો.અનિલભાઈ પટેલે વેલકમ સ્પીચ સાથે વેબીનારની શરૂઆત કરાવી હતી.

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં ઓનલાઇન શિક્ષણ કાર્ય યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,અનેઆર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સેક્ટર-૨૩ ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે પ્રો.વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન શિક્ષણના વર્ગો ચાલુ કરવામાં આવ્યા હતા.

હાલમાંભારત દેશમાં તેમજ ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસને કારણે ઘણા સમયથી લોકડાઉન હોવાથી વિદ્યાર્થીઓનોઅભ્યાસ બગડે નહિ તે માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારાદરેક કોલેજોને ઓનલાઈન શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ ઘેર બેઠા અભ્યાસ કરી શકે તે માટે ઓનલ લાઈન વર્ગો ચાલુ કરાવ્યા છે. ત્યારે ફેકલ્ટી ઓફ એજ્યુકેશની બંને કોલેજોના વિદ્યાર્થીઓને ર્ડ્ઢ એપ દ્વારા દરેક વિષયોનો અભ્યાસપુર્ણ કરીને પુનરાવર્તન કરાવ્યું હતું તેમજ TET- TAT? ના વધારાના વર્ગો અધ્યાપકો દ્વારા લેવામાં આવ્યા હતા.જેનાથી વિદ્યાર્થીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. બન્ને કોલેજોના એચ.ઓ.ડી.ડો.જિજ્ઞાસા બેન જોશી અને ડા.કુસમબેન યાદવે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા

ડાયરેક્ટ ❤ સે

જેને પોતાના કોઇ નિયમો નથી એને પછી બધાના નિયમો પાડવા પડે છે...

# સેકટર-૨૭માં હોમીઓપેથી દવાનું યુવાઓ દ્વારા વિતરણ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં વધતા કોરોનાના સંક્રમણને ધ્યાને લઈ રહીશોને રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે કોર્પોરેશનની ટિમ સાથે રહી સેકટર-૨૭ના યુવાનો ઉરેન પટેલ, સંજય સોની, વિષ્ણુભાઈ, વિપુલ રાણા, રાજવીર, જયદીપસિંહ, ભાર્ગવ, ગૌતમ, પ્રિયંક, બ્રિજેશ, તથા ટિમ દ્વારા અલગ અલગ ગ્રુપ બનાવી સેનિટાઈઝરનો ઉપયોગ કરી માસ્ક પહેરીને સોસીયલ ડિસ્ટન્સ જાળવી ઘરે ઘરે હોમીઓપેથી દવાનું વિતરણ કર્યું હતું.

તથા રહીશોને જાગૃતિ માટે પેમફ્લેટ આપવામાં આવ્યા અને ઘરમાં રહો સ્વસ્થ રહો તે સૂત્રને સાર્થક કરવા જણાવ્યું હતું.






'આપણી અને કોરોનાની વચ્ચે અડીખમ દિવાલ બનીને ઊભી રહેલી પરિચારિકા-શક્તિને વંદન...' ગાંધીનગરમાં ગુરુકુલ સ્કૂલ ભણતા સૃજન જય ઓઝાએ પોતાની રચના શક્તિ દ્વારા વર્લ્ડ નર્સ ડે નિમિત્તે અદ્ભૂત ચિત્રનું નિર્માણ સર્જન કર્યું હતું.



**વર્લ્ડ નર્સિંગ ડે અનોખી ઉજવણી...**

વિશ્વ આખું કોરોનાની મહામારી સામે લડી રહ્યું છે. આ લડાઈમાં ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફ ખૂબ જ મહત્વ ની કામગીરી દિવસ રત જોયા વિના કરી રહી છે . આજે નંર્સિંગ ડે ના દિવસે ગાંધીનગર સિવિલ માં ફરજ પર હાજર નંર્સિંગ સ્ટાફ દ્વારા ખૂબ જ સાદગી પૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. દીપ પ્રગટાવી કોરોના ની લડત સામે લડવાનક્ર આપવાના શપથ લીધા. નંર્સિંગ સ્ટાફના શેનન ગોહેલ દ્વારા સુંદર કવિતાની રજૂઆત કરવામાં આવી હતી. સાથે ઝૂમ એપ દ્વારા કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.આખા કાર્યક્રમનું પ્રેઝન્ટેશન અંકિત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અધિકારી જાગૃતિ પટેલ દ્વારા ખડે પગે ફરજ બજાવતા નંર્સિંગ સ્ટાફ અને તેમના પરિવારનો આભાર માન્યો હતો.

### ગોળ અને લીંબુનો રસ પીવો હિતાવહ

# તુલસી-સૂંઠના ઉપાય કોરોના વાયરસથી રાખશે તમને દૂર

તુલસી એક ઔષધિ છે જેનો ઉપયોગ અનેક પ્રકારની બીમારીઓનો ઈલાજ કરવામાં આવી શકે છે. ઔષધીય ગુણોથી ભરપૂર તુલસી બધા માટે વરદાન સમાન છે. હાલ આખા વિશ્વમાં કોરોનાનો કહેર વ્યાપી રહ્યો છે. ત્યારે આયુષ મંત્રાલયની વેબસાઈટ પર તુલસીના ઘણા ઉપાચારો બાતાવવામાં આવ્યા છે. જેનાથી તમે કોરોનાથી દૂર રહી શકો છો તો આજે આપણે જોઈએ કે આપણે ઘરમાં જ ઊગતી તુલસીના કેવા ઉપચાર આપણને કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડે છે. આ ઉપરાંત તુલસીના પાનનું સેવન કરવાથી તણાવ દૂર થાય છે. તણાવથી છૂટકારો મેળવવા માટે રોજ તુલસીના પાન ખાવા જોઈએ. જેનાથી તણાવથી સમસ્યા દૂર થાય છે. તાજા તુલસીના પાનનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિ વધી જાય છે. જેથી હંમેશા તાજા તુલસીના પાનનું સેવન કરવું ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. આ ઉપરાંત તુલસીના રસથી પેટની દરેક બીમારીઓમાં લાભ મળે છે. એટલે કે તુલસી તમારા પેટ માટે પણ ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. તુલસીમાં રહેલા એન્ટી ઓક્સિડેશન્ટ્સ સ્તન કેન્સર અને મોંમાં થઈ રહેલા કેન્સરને વધવાથી રોકે છે. રોજ તુલસીનું સેવન કરવાથી કેન્સરના સેલ્સ શરીરમાં વધી શકતા નથી.



- તુલસીના બે ચમચી રસમાં બે મરીનો પાઉડર નાખી સવાર સાંજ લેવું.
- તુલસી, તજ, કાળા મરી, સૂંઠ અને કાળી દ્રાક્ષમાંથી બનાવેલ હર્બલ ચા કે ઉકાળો પીવો હિતાવહ છે.
- આ ઉપરાંત તમે ઔષધ સિદ્ધ જલ લઈ શકો છો. જેમાં સૂંઠ ૧ ચમચી અને નાગરમોથ ૧ (અથવા સૂંઠ ૨ ચમચી)ને ૧૦ ગ્લાસ પાણીમાં ધીમા તાપે ઉકાળી ૫ ગ્લાસ રહે ત્યારે ગાળવું. જરૂરિયાત મુજબ નવસેકુ પીવું.
- દિવસમાં એક કે બે વાર ગોળ અને તાજા લીંબુનો રસ પીવો જોઈએ.